# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ


રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/ક્વા-૦૨/૨૦૧૯-૨૦/ 5062-2 તારીખ : 30-7-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
અકબરી વિઠલભાઈ પાંચાભાઈ
ભાગ્યોદય પ્રાથમિક શાળા પાછળ ,
મું. પો. : માખીયાળા , તા. : જુનાગઢ, જી. : જુનાગઢ,
પીન કોડ. : ૩૬૨૦૦૧
મોબાઈલ : ૯૦૧૬૪૦૪૭૦૭, ૯૭૨૪૮ ૫૩૦૭૦

વિષય : નવા વીજ જોડાણ ને વાંધા અરજી તેમજ જુનું જોડાણ ફરી ચાલુ કરવા બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૩-૦૭-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૩/ક્વા-૦૨/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જુનાગઢ.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જુનાગઢ ગ્રામ્ય-૧.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જુનાગઢ ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/ક્વા-૨/ ૧૯-૨૦/** **તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૩/ક્વા-૨/૧૯-૨૦

| | |
|---|---|
| અરજદાર: | અકબરી વિઠલભાઈ પાંચાભાઈ ગામ: માખીયાળા |
| રજૂઆત કરનાર: | અરજદાર અકબરી વિઠલભાઈ પાંચાભાઈ હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – જુનાગઢ ગ્રામ્ય-૧ |
| રજૂઆત કરનાર: | (૧) નાયબ ઈજનેર શ્રી બી.ડી.પરમાર - વિભાગીય કચેરી – જુનાગઢ ગ્રામ્ય-૧ |
| | (૨) આર. બી. લહેરૂ - જે.ઈ.આર.ઈ. પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી – ગ્રામ્ય જુનાગઢ |

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ |
| તારીખ: | ૨૩-૦૭-૨૦૧૯ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૩-૦૭-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર અકબરી વિઠલભાઈ પાંચાભાઈ ગામ -માખીયાળા, તેઓની અરજીના નોંધણી નં: ૧૩/ક્વા-૨/ ૧૯-૨૦, માં જણાવે છે કે,** તેઓ જુનાગઢ જીલ્લાના સરગવાળા ગામે સર્વે નંબર: ૪ / ૪ માં આવેલ કુવામાં વીજજોડાણ છે, જે શ્રી પાંચાભાઈ ભુટાભાઈ અકબરી ના નામે ગ્રાહક નં. ૩૬૧૩૫૦૦૩૨૨૪ થી ધરાવે છે, જેમા ૦૩ વારસદારો (૧) બાબુભાઈ પાંચાભાઈ અકબરી (૨) વિઠલભાઈ પાંચાભાઈ અકબરી (૩) બુટાણી કિશોરભાઈ બાવનજીભાઈ છે. સદર વીજજોડાણ તેઓના અન્ય ૦૨ વારસદારો દ્વારા સ્વતંત્ર વીજજોડાણ સર્વે નંબર: ૪૬ / ૨ પૈકી માં મેળવવા માટે – હૈયાત સહીયારૂ વીજજોડાણ – તેઓની સંમતી વગર કપાવી નાખેલ છે. જે સહીયારૂ વીજજોડાણ પુન: ચાલુ કરવા– અરજદારે પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરીમાં તા.૧૪–૦૫–૧૯ તેમજ તા.૦૩–૦૭–૧૯ થી લેખીત ફરીયાદ કરેલ હોવા છતા – પીજીવીસીએલ તરફથી આજદિન સુધી કોઈ કાર્યવાહી કરાયેલ નથી. આમ, **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- જુનાગઢ તાલુકા ના માખીયાળા ગામના શ્રી વિઠ્ઠલભાઈ પાંચાભાઇ અકબરી દ્વારા તેમના ભાઈ શ્રી બાબુભાઇ પાંચાભાઈ ને તેમની સર્વે નંબર ૪/૪/ મા શ્રી પાંચાભાઈ ભુટાભાઈ અકબરી ના નામે ગ્રાહક નં. ૩૬૧૩૫૦૦૩૨૨૪ જુનાગઢ ગ્રામ્ય પેટા વિભાગ કચેરી હેઠળ સહીયારૂ વીજજોડાણ પુનઃ ચાલુ કરવા– અરજદારે પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરીમાં તા.૧૪–૦૫–૧૯ તેમજ તા.૦૩–૦૭–૧૯ થી લેખીત ફરીયાદ કરેલ હોવા છતા સદર વીજજોડાણ અરજદારની સમંતી વગર કપાવી નાખેલ છે. સદર કેઇસ ની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

3.૧ માખીયાળા ગામ ના ખેતીવાડી ખાતેદાર શ્રી બાબુભાઇ પાંચાભાઇ અકબરી દ્વારા તા ૨૬.૦૩.૨૦૧૯ ના રોજ તેમના સરગવાડા ગામના સર્વે નંબર ૪/૪/પૈકી ૧ માં ૧૦ હો.પા. નું વીજ કનેક્શન લેવા માટેની અરજી જુનાગઢ ગ્રામ્ય પેટા વિભાગ કચેરી માં કરેલ હતી અને આ અંગે ના જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા હતા.

3.૨ સદર રજીસ્ટ્રેશન ના આધારે અને સદર ખેતીવાડી વીજ જોડાણ ના અગ્રતા ક્રમ ના આધારે સદર વીજ જોડાણ વર્ષ ૨૦૧૯ માં મંજૂર થતાં નાયબ ઇજનેર શ્રી જુનાગઢ ગ્રામ્ય પેટાવિભાગ કચેરી દ્વારા આ અરજદારને ખેતીવાડી વીજ જોડાણ આપવા માટેની જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ અને આ માટેનું જરૂરી સર્વે કર્યા હાથ ધારેલ હતું અને જુનાગઢ ગ્રામ્ય પેટાવિભાગ કચેરી ના જુનિયર ઇજનેર શ્રી આર.બી. લહેરું દ્વારા સદર વીજ કનેક્શન માટેનું સર્વે તા. ૦૭.૦૪.૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ હતું જેમાં ૧૫ મીટર ની ૧૧ કેવી લાઇન ઉભી કરી અને ૧૬ કેવીએ ના ટ્રાન્સફોર્મર મૂકીને સદર અરજદારને વીજ કનેક્શન આપવું તેવું સર્વે કરવામાં આવેલ હતું.

3.3 ઉપરોક્ત અરજી ના અનુસંધાને જરૂરી સર્વે કાર્ય કાર્ય બાદ તા ૧૪.૦૫.૨૦૧૯ ના રોજ શ્રી વિઠ્ઠલભાઈ પાંચાભાઇ દ્વારા સદર વીજ જોડાણ ન આપવા માટેની વાંધા અરજી આપેલ હતી અને આ વાંધા અરજી માં જણાવેલ હતું કે આ સ્થળે અગાઉ કૂવામાં તેમનું મજમુ એટલેકે સહિયારુ વીજ કનેક્શન હતું જે કનેક્શન ના વીજ બિલ ના નાણાં શ્રી બાબુભાઇ વિઠ્ઠલભાઈ અકબરી એ જાણી જોઈ ને ન ભરેલ અને આ કનેક્શન રદ થતાં આ જ સર્વે નંબર ઉપર બીજું વીજ કનેક્શન લેવાં માટેની માંગણી કરેલ છે.

3.૪ શ્રી પાંચાભાઈ ભૂટાભાઈ અકબરી , ગ્રાહક નંબર 36135/00322/4 નું 6. હો.પા. નું પી.ડી.સી. થયેલ વીજ કનેક્શન ના જે તે સમયે રજૂ કરેલા દસ્તાવેજ નો વિગતવાર અભ્યાસ કરતાં માલૂમ પડેલ છે કે આ વીજ કનેક્શન સર્વે નંબર 4/4 માં આપવામાં આવેલ હતું અને જે તે સમયે રજૂ કરેલા 7-12 અને 8- અ ના દસ્તાવેજી પુરાવાઓ માં સદર વીજ કનેક્શન જ્યાં આપવામાં આવેલ છે તે કૂવામાં કોઈ નો ભાગ હોય કે આ કૂવો મજમુ હોય તેવો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

આમ ઉપરોકત બાબતે પીજીવીસીએલ કચેરી માં શ્રી પાંચાભાઈ ભુટાભાઈ અકબરી , ગ્રાહક નંબર 36135/00322/4 નું 6 એચ.પી. નું વીજ કનેક્શન આપવામાં આવેલ હતું તે જે તે સમયે નિયમાનુસાર સર્વે નંબર 4/4 ની સરગવાડા જમીન માં આપવામાં આવેલ હતું અને જે તે સમયે નિયમાનુસાર સદર વીજ કનેક્શન માં વીજ બિલ ન ભરતા તા. 22.03.2019 ના રોજ આ વીજ કનેક્શન કાયમી ધોરણે રદ કરી નાખવામાં આવેલ હતું. તદ ઉપરાંત સદર વીજ કનેક્શન ના બાકી લેણાની રકમ રૂ.1500/- તા 31.05.2019 ના રોજ ગ્રાહક દ્વારા કે ગ્રાહક ના પ્રતિનિધિ દ્વારા ભરપાઈ કરવામાં આવેલ હતી.

3.૫ આમ દસ્તાવેજી પુરાવાઓ ના આધારે સદર નવું વીજ કનેક્શન સર્વે નંબર 4/4/પૈકી 1 માં આપવામાં આવેલ છે. રજૂઆત કર્તા શ્રી વિઠ્ઠલભાઈ પાંચાભાઇ અકબરી દ્વારા સદર હું જમીન માં જે કાઇ ભાગીદારી કે વિવાદ ની રજૂઆત છે તે અનુસંધાન નો કોઈ ઉલ્લેખ આનુસંગિક દસ્તાવેજો માં નથી પરંતુ રૂ 50/- ના સ્ટેમ્પ પેપર ઉપર નું લખાણ છે. તે તેઓ ની ભાઈઓ વચ્ચે ની આંતરિક બાબત છે.

## :: હુકમ ::

<u>૪.૦</u> અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

<u>૪.૧</u> અરજદાર શ્રી જુનાગઢ તાલુકા ના માખીયાળા ગામના શ્રી વિઠ્ઠલભાઈ પાંચાભાઇ અકબરી દ્વારા જણાવેલ કે સર્વે નંબર ૪/૪/ મા શ્રી પાંચાભાઈ ભુટાભાઈ અકબરી ના નામે ગ્રાહક નં. ૩૬૧૩૫૦૦૩૨૨૪ જુનાગઢ ગ્રામ્ય પેટા વિભાગ કચેરી હેઠળ સહીયારૂ વીજજોડાણ હતુ, જે પુનઃ ચાલુ કરવા અરજદારે તા.૧૪–૦૫–૧૯ ના રોજ પેટા વિભાગીય કચેરી ગ્રામ્ય જુનાગઢને લેખીત ફરીયાદ કરેલ, જે બાબતે – સામેવાળા દ્વારા કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય, અરજદારે ફોરમ સમક્ષ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

<u>૪.૨</u> અરજદાર ની ફરીયાદ અન્વયે સામેવાળા ની રજુઆત મુદદા નં.૩.૪ મુજબ ની વિગતે – શ્રી પાંચાભાઈ ભૂટાભાઈ અકબરી, ગ્રાહક નંબર 36135/00322/4 નું 6. હો.પા. નું પી.ડી.સી. થયેલ વીજ કનેક્શન ના જે તે સમયે રજૂ કરેલા દસ્તાવેજ મુજબ સદર વીજ કનેક્શન સર્વે નંબર 4/4 માં આપવામાં આવેલ હતું અને જે તે સમયે રજૂ કરેલા 7-12 અને 8- અ ના દસ્તાવેજી પુરાવાઓ માં સદર વીજ કનેક્શન જ્યાં આપવામાં આવેલ છે તે કૂવામાં કોઈ નો ભાગ હોય કે આ કૂવો મજમુ હોય તેવો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. જે તે સમયે નિયમાનુસાર સદર વીજ કનેક્શન માં વીજ બિલ ન ભરતા તા.૨૦–૦૯–૧૮ ના રોજ ટેમ્પરરી ડિસ કનેકશન ( NPDC ) તથા તા. 22.03.2019 ના રોજ આ વીજ કનેક્શન કાયમી ધોરણે રદ ( PDC ) કરી નાખવામાં આવેલ હતું.

૪.૩ અરજદાર ની ફરીયાદ મુજબ – તેઓના ભાઈ શ્રી બાબુભાઈ પાંચાભાઈ અકબરી દ્વારા તા ૨૬.૦૩.૨૦૧૯ ના રોજ તેમના સરગવાડા ગામના સર્વે નંબર ૪/૪/પૈકી ૧ માં ૧૦ હો.પા. નું વીજ કનેક્શન લેવા માટેની અરજી જુનાગઢ ગ્રામ્ય પેટા વિભાગ કચેરી માં કરેલ હતી. જેમા રજુ કરેલ શ્રી બાબુભાઈ પાંચાભાઈ અકબરીના ગામના નમુના નં.– ૭/૧૨ મુજબ – કુવો પાકો – ૧ અને બોર –૧ દર્શાવેલ છે. તે મુજબ પીજીવીસીએલ દ્વારા નિયમાધીન કાર્યવાહી કરાયેલ છે.

૪.૪ ઉપરોકત મુદદા નં. ૪.૨ અને ૪.૩ મુજબ ની વિગતે – ફરીયાદી ની રજુઆત મુજબ – જુનુ વીજજોડાણ ગ્રાહક નં. – ૩૬૧૩૫/૦૦૩૨૨/૪ જે શ્રી પાંચાભાઈ ભુટાભાઈ અકબરી ના નામે હતુ, જે નાણા ભરપાઈ ન થવાના કારણોસર – તા.૨૨–૦૩–૧૯ થી કાયમી ધોરણે રદબાતલ થયેલ છે. સદર વીજજોડાણ અન્વયે બાકી લેણી રકમ રૂ.૧,૫૦૦/– તા.૨૧–૦૫–૧૯ થી ભરપાઈ કરાયેલ છે. સદર પીડીસી વીજજોડાણના જે તે સમયે રજુ કરેલા ૭–૧૨,૮–અ ના દસ્તાવેજીક પુરાવાઓમાં સદર વિજ કનેકશન જયાં આપવામાં આવેલ છે, તે કુવામાં કોઈનો ભાગ હોય કે આ કુવો મજમુ હોય, તેવો કોઈ ઉલ્લેખ કરાયેલ નથી. આમ, સદર કુવામાં અરજદારનો કોઈ હકક હિસ્સો બનતો હોઈ, અરજદાર ની પીડીસી રીકનેકશન ની માંગણી ગ્રાહય રાખી શકાય નહિ.

૪.૫ સદર કેઈસ મા, મુદદા નં. ૪.૪ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૬ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot